# Guru Purnima Essay In Gujarati

- અષાઢ મહિનાની પૂર્ણિમાને ગુરુ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. ગુરુ પૂર્ણિમા એ ગુરુ અને શિષ્યના પવિત્ર સબંધોને ઉજાગર કરતો તહેવાર છે. ગુરુની શિષ્ય પ્રત્યેની ઉદારતા , પ્રેમ, હૂંફ અને ગર્વ તેમજ શિષ્યના ગુરુ પ્રત્યેના આદર , માન અને નિષ્ઠાને અભિવ્યક્ત કરવાનો તહેવાર છે. આ તહેવાર આપણા દેશમાં ખૂબ જ શ્રદ્ધા અને ભાવથી ઉજવવામાં આવે છે. આપણી સંસ્કૃતિમાં ગુરુને સૌથી શ્રેષ્ઠ સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીન સમયથી લઈને આજ સુધી ગુરુને હમેશાં શ્રેષ્ઠ દરજ્જો આપવામાં આવ્યો છે. ગુરુ પોતાના આચરણ દ્વારા શિષ્યના જિંદગીનું ઘડતર કરે છે.ગુરુને આચાર્ય પણ કહેવામાં આવે છે.આચાર્ય દેવો ભવ. ગુરુનું મહાત્મ્ય આપણા પુરાણોએ પણ ખુબ વર્ણવ્યું છે. ગુરુને ભગવાનનો દરજ્જો આપવામાં આવ્યો છે.

- ગુરુ પૂર્ણિમાનો દિવસ ગુરુ શિષ્યના પ્રેમને ઉજાગર કરતો દિવસ છે. ગુરુ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. આજના સમયમાં શાળા કોલેજોમાં ગુરુ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. ઉજવણીની શરૂઆત ગુરુવંદનાથી કરવામાં આવે છે. ગુરુનો મહિમા સમજાવતા ભજનનું ગાન કરવામાં આવતું હોય છે. ગુરુ પૂર્ણિમા અને ગુરુના માહાત્મ્ય અંગે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાના ગુરૂજનોના આશીર્વાદ લઈને જીવનમાં પ્રગતિ કરવાનો સંકલ્પ કરે છે. જીવનમાં સફળ થયેલા લોકો પોતાના જીવનમાં આવેલા શ્રેષ્ઠ ગુરુઓને યાદ કરીને ધન્યતા અનુભવે છે તેમજ ક્યાંક ભૂતપૂર્વ ગુરુજીઓના સન્માન સમારોહ પણ યોજવામાં આવે છે.

**गुरुर्ब्रह्मा ग्रुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।**

**गुरुः साक्षात् परं ब्रह्म तस्मै श्री गुरवे नमः ॥**

- ગુરૂ શબ્દ બે શબ્દો મળીને બનેલો છે. ગુ એટલે અંધકાર અને રૂ એટલે દૂર કરનાર . ગુરુ એટલે જીવનના અંધકાર માંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જનાર. શિષ્યોના જીવનમાં અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરીને જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય એ ગુરૂ. ગુરુ દીપકની જેમ જાતે જલીને શિષ્યોના જીવનમાં પ્રકાશ પાથરે છે. જીવનના ખરાબ માર્ગેથી બહાર લાવીને સાચો માર્ગ બતાવે એ ગુરૂ. બીજા શબ્દોમાં કહીએ તો ગુરુ એટલે સાચા પથદર્શક , સાચા સલાહકાર અને સાચા માર્ગદર્શક.

"ગુરુ ગોવિંદ દોનો , ખડે કિસકો લાગુ પાય,

બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય "

PDFSeva.com

- ઉપરોક્ત દુહામાં સંત કબીરજી એ ગુરુનો મહિમા બતાવ્યો છે. ગુરુનો મહિમા બતાવતાં કહ્યું છે કે , એક બાજુ ગુરુ અને બીજી બાજુ સાક્ષાત ભગવાન ઊભા હોય તો આપણને દુવિધા છે કે પહેલાં કોને પગે લાગું. ત્યારે પહેલાં ગુરુને જ વંદન કરવા જોઈએ જેમણે તમને જ્ઞાનરૂપી પ્રકાશથી સત્યનો સાક્ષાત્કાર કરાવ્યો. આપણે ગુરુના હંમેશા આભારી છીએ કે જેમણે આપણને જીવનનો સાચો માર્ગ બતાવ્યો છે.

- પ્રાચીન સમયમાં ઋષિમુનિઓ જંગલમાં આશ્રમ બનાવીને રહેતા હતા. શિષ્યો ગુરુના આશ્રમમાં વિદ્યા મેળવવા જતા હતા. જીવનનાં શરૂઆતના પચ્ચીસ વર્ષ સુધી શિષ્યો ગુરુના આશ્રમમાં રહીને જ અભ્યાસ કરતા. આસપાસના વિસ્તારોમાંથી ભિક્ષા માંગીને પોતાનું ગુજરાન ચલાવતા. કોઈ લાકડાં કાપી લાવતા તો કોઈ જીવન જરૂરી વસ્તુઓ અને ફળો એકત્ર કરીને લઈ આવતા હતા. ગુરુ પોતાના શિષ્યોને જીવન ઉપયોગી જ્ઞાન આપતા હતા. આ સમયે આશ્રમોમાં શાસ્ત્રોના અભ્યાસ સાથે સાથે શિષ્યોને ધનુર્વિદ્યા જેવું શસ્ત્ર વિદ્યાનું જ્ઞાન આપવા આવતું હતું. સાથે સાથે જીવન ઉપયોગી વિવિધ કળાઓમાં શિષ્યોને નિપુણ બનાવવામાં આવતા હતા. રોજિંદા જીવનમાં ઉપયોગી કાર્યોની પણ તાલીમ આપવમા આવતી હતી.

- ગુરૂ પૂર્ણિમાના દિવસે શિષ્યો ગુરુને પોતાની શક્તિ મુજબ ગુરુદક્ષિણા આપતા હતા. જેમાં ફળો , ઔષધિઓ કે પોતાની મનગમતી વસ્તુ અપાતાં પણ ખચકાતા નહીં.પ્રાચીન સમયની ગુરુશિષ્ય પરંપરાને યાદ કરીએ એટલે અનેક શિષ્યોને નામ આપણા માનસપટ પર ઉપસી આવે. ગુરુભક્ત એકલવ્યને આપણે કઇ રીતે ભૂલી શકીએ. એકલવ્ય ગુરુ દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યા શીખવા માટે ગયો હતો , પરંતુ પોતાની જાતિના લીધે દ્રોણાચાર્યે તેને પોતાના આશ્રમમાં આવવા દીધો નહીં. આ ઘટનાથી પણ તેની ગુરુભક્તિ ઓછી થઈ નહોતી. તેણે જંગલમાં ગુરુની પ્રતિમા બનાવીને જાતે ધનુર્વિદ્યા પ્રાપ્ત કરી હતી અને પારંગતતા મેળવી હતી . ધનુર્વિદ્યામાં અર્જુન કરતા પણ પારંગત એકલવ્યની પ્રશંસા સાંભળી ગુરુ દ્રોણાચાર્ય એકલવ્ય પાસે પહોંચ્યા હતા. તેમને ગુરુ દક્ષિણામાં એકલવ્યનો જમણા હાથનો અંગૂઠો માંગ્યો હતો. જેમણે તેને શિષ્ય તરીકે સ્વીકાર નહોતો કર્યો એવા ગુરુંપ્રત્યે પણ એને અપાર આદર હતો..એકપણ ક્ષણ વિચાર કર્યા વગર તેણે પોતાના હાથનો અંગુઠો કાપીને ગુરુ દક્ષિણામાં આપી દિધો હતો ,નહીતર અર્જુન કરતાં એકલવ્ય ઇતિહાસમાં એક મોટો બાણાવળી ગણાતો હોત.ગુરુ માટે કેટલો મહાન ત્યાગ કહેવાય. ગુરૂ દક્ષિણા – સામાન્ય રીતે ગુરૂ દક્ષિણાનો અર્થ ઈનામના અર્થમાં લેવામાં આવે છે. પરંતુ તેનો અર્થ વધુ વ્યાપક છે.

- બાળકના પ્રથમ ગુરુ એની જન્મદાતા માતાને માનવામાં આવે છે. એટલે જ કહેવાય છે કે,” એક માટે સો શિક્ષકની ગરજ સારે છે.” જીવનનો શરૂઆતનો સમય તે માતા પાસે જ વિતાવે છે અને એ સમયમાં ઘણું બધું શીખી લેતો હોય છે. બાળકના ઉછેર અને સંસ્કારોના સિંચનમાં માતાનું અનેરું સ્થાન રહેલું હોય છે. બાળપણમાં આપેલા સંસ્કારોની અસર એના જીવનમાં હંમેશા રહેતી હોય છે. કુમળા છોડને જેમ વાળવામાં આવે એમ વળી જાય છે એમ નાના

બાળકને જે શીખવવામાં આવે છે  તે જીવનભર ભૂલતો નથી. આ સમયે બાળકમાં સારા સંસ્કારો અને જીવનના આદર્શ માતા પાસેથી જ શીખે છે. સાચું બોલવાની આદત ,બીજાનો આદર કરવો ,વડીલોને વંદન કરવા ,ચોરીના કરવી ,અપશબ્દો ના બોલવા ,પૌષ્ટિક આહાર લેવો જેવી અનેક સારી આદતો બાળપણથી જ કેળવવી એ માતાની ફરજ બને છે.

- ખરેખર આપણી સંસ્કૃતિમાં વર્ષોથી ગુરુનું સ્થાન સૌથી શ્રેઠ માનવામાં આવે છે. આપણે હંમેશા ગુરુનો આદર કરવો જોઈએ. સાચી ગુરૂ દક્ષિણા એ જ છે કે તમે તમારાં ગુરૂ દ્વારા મેળવેલી વિદ્યા અને જ્ઞાનનો પ્રચાર કરો. અને તેનો સાચો ઉપયોગ કરી, સમાજ ઉપયોગી કાર્યો કરો ,પ્રકૃતિ અને દેશની રક્ષા કરો. માનવ માનવ પ્રત્યે તેમજ પ્રકૃતિ પ્રત્યે કરુણાની ભાવના રાખો. ગુરૂદક્ષિણા ગુરૂ પ્રત્યે સમ્માન અને સમર્પણ ભાવ બતાવે છે.

All PDF Collection
PDFSeva

Hi! We're PDFSeva. A dedicated portal where one can download any kind of PDF files for free, **with just a single click**.

PDFSeva.com